# નાયબ નિયામક,
## અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in


તા. ૨૭/૦૧/૨૦૨૧

જા.નં. ના.નિ./ ૨૦૨૦-૨૧/૮૦૩

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત

વિષય: વર્ષ ૨૦૨૦-૨૧ ની શાળાના (સરકારીશાળા, ગ્રાંટ ઇન એઇડ શાળા, ખાનગી શાળાઓ) આચાર્ય લેવલ પર પડતર રહેલ વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્તોનો તાત્કાલિક નિકાલ કરવા બાબત..

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,તા. ૨૧/૦૧/૨૦૨૧ ના રોજ માન. નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને ખર્ચ સમીક્ષા બેઠક મળેલ જેમની સૂચના અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવા માટે જે વિદ્યાર્થીઓની Digital Gujarat મારફત ઓનલાઇન અરજી કરવાની બાકી હોય તેની કામગીરી પૂર્ણ કરવી તથા જે વિદ્યાર્થીઓની Digital Gujarat મારફત ઓનલાઇન અરજી કરેલ છે પરંતુ અરજીઓ હાલ પ્રિન્સીપાલ લેવલ પર પેન્ડીંગ હોવાનુ માલુમ પડેલ છે. પ્રપોઝલ બનાવેલ છે પરંતુ શાળા લેવલથી સેન્ડ ના કરેલ હોય. તેવી તમામ શાળાઓએ બનાવેલ પ્રપોઝલ હાયર ઓથોરીટીને દિન-૭ માં મોકલી આપવા જણાવવામાં આવે છે. તથા જો કોઇ વિદ્યાર્થીના શિષ્યવૃત્તિના અરજીમાં કોઇ ક્ષતિ હોવાનુ જણાય તો તે અરજી સંદર્ભે જરુરી ડોક્યુમેન્ટ વિદ્યાર્થી પાસેથી મેળવી તેની ક્ષતિ પૂર્તતા કરી ફરીથી દરખાસ્ત બનાવી ઓનલાઇન મોકલવાની રહેશે અને ક્ષતિ પૂર્તતાવાળા ડોક્યુમેન્ટ અત્રેની કચેરીએ રજુ કરવા ત્યારબાદ જ ફરી પ્રપોઝલ બનાવી મોકલવાની રહેશે. જેથી શિષ્યવૃત્તિ મંજુર કરીને ચુકવણુ કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય.

વધુમાં જણાવવાનું કે, જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે અને તેની ઓનલાઇન દરખાસ્ત આપના લેવલ પર પેન્ડીંગ હોવાનું માલુમ પડશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જે બાબતની ગંભીરતા લઇ આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ - પરીપત્રની નકલ

જા.નં/મા-૨/૨૦૨૧/ ૭૫૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા. ૨૮ /૦૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત